**દુર્ઘટનાની રાહ જોતું તંત્ર** | રેલિંગમાં પડી વિશાળ તિરાડો, કોંક્રિટ તૂટતાં લોખંડનું અંદરનું માળખું બહાર આવ્યું

# કપડવંજ-લાડવેલ કેનાલ બ્રિજની રેલિંગ અત્યંત જર્જરિત થતાં અકસ્માતનો ભય!

**'મોટી જાનહાનિ** થશે પછી જ તંત્ર જાગશે?' સ્થાનિક જનતામાં ઉગ્ર રોષ



(પ્રતિનિધિ) કપડવંજ તા.5

કપડવંજના લાડવેલ માર્ગ પર આવેલા નર્મદા કેનાલ બ્રિજ પરથી પસાર થતા હજારો વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા હાલ ભગવાન ભરોસે હોય તેવી ગંભીર સ્થિતિ સર્જાઈ છે. બ્રિજની સુરક્ષા માટે બંને બાજુ બનાવવામાં આવેલી કોંક્રિટની મજબૂત રેલિંગ અનેક સ્થળોએથી સંપૂર્ણપણે જર્જરિત થઈને તૂટવાની અણી પર છે. રેલિંગમાં ઊંડી તિરાડો પડી ગઈ છે અને તેના કેટલાક ભાગો તૂટી પડ્યા છે, જેના કારણે ગમે ત્યારે કોઈ વાહન કેનાલમાં ખાબકે અને મોટી જાનહાનિ થાય તેવી ભયાનક સ્થિતિ ઊભી થતાં લોકોમાં તંત્રની બેદરકારી સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બ્રિજની સુરક્ષા રેલિંગના નીચેના ભાગમાં અનેક જગ્યાએ અતિ ઊંડી તિરાડો સ્પષ્ટપણે નજરે પડી રહી છે. આટલું જ નહીં, બ્રિજના કેટલાક ભાગોમાં તો કોંક્રિટ સંપૂર્ણપણે ખરી પડ્યો છે અને અંદર રહેલું લોખંડનું આખું માળખું બહાર દેખાઈ રહ્યું છે. બે રેલિંગના ભાગોને જોડતા સાંધાઓ પણ ક્ષતિગ્રસ્ત થઈને નબળા પડી ચૂક્યા છે.

જો રાત્રિના સમયે અથવા ધોધમાર વરસાદ દરમિયાન કોઈ વાહન અકસ્માતે આ નબળી રેલિંગ સાથે અથડાશે, તો રેલિંગ વાહનને કેનાલમાં પડતું રોકી શકશે કે નહીં તે એક મોટો સવાલ છે. સ્થાનિક નાગરિકો અત્યંત ચિંતિત છે કે જો આ જોખમી રેલિંગ અચાનક તૂટી પડે તો પસાર થતું વાહન સીધું નર્મદા કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ શકે છે અને મોટી દુર્ઘટના સર્જાઈ શકે છે.

### લીપાપોતી નહીં, કાયમી ઉકેલ લાવો !

**ઊંડી તપાસની જરૂર:** માત્ર ઉપરછલ્લી સિમેન્ટની લીપાપોતી કે તિરાડો પૂરવાને બદલે માર્ગ-મકાન અને કેનાલ વિભાગ દ્વારા બ્રિજનું તાત્કાલિક ટેક્નિકલ અને સ્ટ્રક્ચરલ ઇન્સ્પેક્શન કરવામાં આવે
**આખા માળખાની ચકાસણી:** રેલિંગ ઉપરાંત બ્રિજના સ્લેબ, જોડાણો અને અન્ય મહત્વના ભાગોની બારીકાઈથી તપાસ કરવામાં આવે જેથી અકસ્માતનું સાચું જોખમ જાણી શકાય
**તાત્કાલિક બેરીકેડિંગ:** બ્રિજ જ્યાંથી વધુ જોખમી છે ત્યાં તાત્કાલિક અસરથી બેરીકેડિંગ કરવામાં આવે અને ચેતવણી દર્શાવતા બોર્ડ લગાવવામાં આવે જેથી વાહનચાલકો સાવચેત રહે
**નવી રેલિંગનું નિર્માણ:** ભયજનક રેલિંગોને તોડીને ત્યાં મજબૂત પુન:નિર્માણ અથવા લોખંડનું નવું બેરિયર ઊભું કરવામાં આવે.

### આણંદમાં નિગોદ નિવારણ તપના તપસ્વીઓનો ભવ્ય વરઘોડો યોજાયો





આણંદ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના આંગણે ચાલી રહેલા ચાતુર્માસ અંતર્ગત પૂજ્ય સાધુ-સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં નિગોદ નિવારણ તપના તપસ્વીઓનો ભવ્ય રાજાશાહી વરઘોડો યોજાયો હતો. આણંદ મંગલધામ ખાતેથી સવારે મંગલ સંઘના પ્રમુખ રમેશભાઈના હસ્તે લીલી ઝંડી આપી વરઘોડાનું પ્રસ્થાન કરાવાયું હતું, જે આણંદમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. આ શોભાયાત્રામાં વિવિધ પ્રખ્યાત બેન્ડ-વાજાંના સૂર સાથે આશરે ૪૦ બગીઓ અને વાહનો જોડાયા હતા, જેમાં સમગ્ર આણંદ જૈન સમાજના પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# કપડવંજમાં ચેક રિટર્ન કેસમાં એક જ દિવસમાં ૪ને એક વર્ષની કેદ

**શ્રીરામ** ફાઇનાન્સ લિમિટેડમાંથી મેળવેલી લોન પેટે આપેલા ચેક બાઉન્સ થયાં

(પ્રતિનિધિ) કપડવંજ તા.6

કપડવંજ સ્થિત શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડની શાખામાંથી લોન લીધા બાદ નિયમિત હપ્તા ન ચૂકવી, ખાતામાં પૂરતું બેલેન્સ ન હોવા છતાં ચેક આપનારા ચાર અલગ-અલગ તાલુકાના ચાર આરોપીઓ સામે કપડવંજ કોર્ટે કડક આદેશ કર્યો છે. આ ચાર શખસને એક - એક વર્ષની કેદની સજા ફટકારી છે.

કપડવંજના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિપુલભાઈ અમૃતલાલ ઠક્કરે તમામ 4ને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ દોષિત ઠેરવીને એક-એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે.

કપડવંજ ખાતે આવેલી શ્રીરામ ફાઈનાન્સ લી.ના અધિકૃત અધિકારી શ્યામ અજીતકુમાર મહેતા દ્વારા કોર્ટમાં લોનધારક નગીનભાઈ કાળીદાસ મહેરા (રહે. મહેરાવાડ, મુ. સરોડા, તા. બાલાસિનોર), રમેશભાઈ મહીજી સોલંકી (રહે. પીપળાના મુવાડા, તા. ઠાસરા), મનુભાઈ રૂમાલભાઈ ઝાલા (રહે. ગોગજીપુરા, પોસ્ટ છીપડી, તા. કઠલાલ), વિક્રમભાઈ ભુરાભાઈ વાદી (રહે. બનાના મુવાડા, તા. કપડવંજ) સામે ફરિયાદ દાખલ કરી હતી.

આ તમામ લોનધારકોએ લોનના હપ્તા નિયમિત ન ભરી વારંવારની ઉઘરાણી છતાં ખાતરી આપીને ચેક આપ્યા હતા, જે બેંકમાં રજૂ કરતા 'ફંડ્સ ઈનસફીશીયન્ટ' (ખાતામાં અપૂરતું નાણું)ના શેરા સાથે પરત ફર્યા હતા.

આ અંગે વકીલ મારફતે કાયદેસરની નોટિસ મોકલવામાં આવી હોવા છતાં કોઈ યોગ્ય પ્રતિસાદ ન મળતા કપડવંજ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો હતો. કપડવંજના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ વિપુલભાઈ અમૃતલાલ ઠક્કરે ચારેય લોન ધારકને એક-એક વર્ષની સજા સંભળાવી છે. આ સાથે કોર્ટે હુકમમાં જણાવેલી લેણી રકમ અપીલ સમયગાળા સુધીમાં ચૂકવી આપવાનો પણ આદેશ કર્યો છે.

### ખેડા બસ ડેપો ખાતે સ્વચ્છતા રથ રેલી સાથે સાપ્તાહિક સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ



સરકાર દ્વારા સ્વચ્છતાને વધુ વેગ આપવાના હેતુથી સાપ્તાહિક સ્વચ્છતા ઝુંબેશનો પ્રારંભ ખેડા ડેપો ખાતેથી કરવામાં આવ્યો છે. આ પ્રસંગે એસટી ડેપો વર્કશોપથી બસ સ્ટેન્ડ સુધી 'સ્વચ્છતા રથ' સાથે એક વિશેષ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડા શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ શિવમ પટેલ અને ડેપો મેનેજર એફ. એમ. મલેક સહિતના એસ.ટી. વિભાગના સ્ટાફ દ્વારા બસ સ્ટેશનમાં સફાઈ કામગીરી કરવામાં આવી હતી. બસ સ્ટેશન હંમેશાં સ્વચ્છ રહે તેવા ઉદ્દેશ્ય સાથે આ અભિયાનને કાયમી ધોરણે ચાલુ રાખીને પરિસરને સ્વચ્છ રાખવા અપીલ કરાઈ છે.

**યોજનામાં પાઇપલાઇન નાખ્યા વિના જ ખોટા બિલ બનાવી ચૂકવણું મેળવાયું**

# કડાણાના દધાલિયા ગામમાં 'નલ સે જલ' કૌભાંડમાં વસૂલાતની નોટિસ

**પાણી સમિતિ** પાસેથી રૂ. ૧૩.૭૬ લાખ અને ઠેકેદાર પાસેથી રૂ. ૯.૯૬ લાખ વસુલાશે

(પ્રતિનિધિ) સંતરામપુર તા.6

કડાણા તાલુકાના દધાલિયા ગામે 'નલ સે જલ' યોજના હેઠળ થયેલી કામગીરીમાં મોટી નાણાકીય ગેરરીતિઓ અને અનિયમિતતાઓ તપાસ દરમિયાન સપાટી પર આવી છે. યોજનાની અધૂરી કામગીરી સબબ ઠેકેદારને બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો છે તેમજ ગેરરીતિઓ બદલ ઠેકેદાર અને દધાલિયા પાણી સમિતિ પાસેથી કુલ મળીને આશરે ૨૩.૭૩ લાખ રૂપિયાથી વધુની વસૂલાત કરવા માટે યુનિટ મેનેજર જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ દ્વારા નોટિસો ફટકારવામાં આવી છે.

પ્રાથમિક તપાસ દરમિયાન બહાર આવેલા અહેવાલ અનુસાર, દધાલિયા ગામે પાણી સમિતિની દેખરેખ હેઠળ ઠેકેદાર બનનાલાલ રેબારી દ્વારા પીવાના પાણીની યોજનાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ખોટા પાઈપ ખરીદીના બિલો રજૂ કરવા, ચૂકવણાની સરખામણીએ ઓછી લંબાઈની પાઈપલાઈન નાખવી, અને પાઈપ ખરીદીમાં ખોટા ભાવફેરનું ચૂકવણું મેળવવા જેવી ગંભીર અનિયમિતતાઓ પકડાઈ હતી. આ ગેરરીતિઓ બદલ ઠેકેદાર પાસેથી રૂ. ૯,૯૬,૨૭૫ની વસૂલાત માટેની નોટિસ અપાઈ છે અને તેની કામગીરી અધૂરી હોવાના કારણે તેને ડી-બાર કરવામાં આવ્યો છે.

તેવી જ રીતે, દધાલિયા ગ્રામ પંચાયતની પાણી સમિતિની સંડોવણી પણ તપાસમાં ખુલ્લી પડી છે. સમિતિ દ્વારા સ્થળ પર વાસ્તવિક રીતે પાઈપલાઈન નાખવામાં જ આવી ન હોવા છતાં, કાગળ પર ખોદાણ, પુરાણ અને ફિટિંગના ખોટા બિલો બનાવીને સરકારી નાણાંનું ખોટું ચૂકવણું કરી દેવાયું હતું. આ નાણાકીય અનિયમિતતા બદલ દધાલિયા પાણી સમિતિને રૂ. ૧૩,૭૬,૮૬૫ની વસૂલાત માટેની નોટિસ ફટકારવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### પેટલાદની મોરડ પ્રાથમિક શાળામાં હર્ષોલ્લાસ સાથે શિક્ષક દિન ઉજવાયો



**પેટલાદ** | મોરડ પ્રાથમિક શાળામાં ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે પ્રાર્થના અને દીપ પ્રાગટ્ય સાથે શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી જાનવીબેન પરમારે સૌ સમક્ષ શિક્ષક દિવસના વિશેષ મહત્વ અંગે ખૂબ જ સુંદર વાત કરી હતી. આજના દિવસે શિક્ષક બનેલા સૌએ ખૂબ જ ઉત્સાહપૂર્વક શૈક્ષણિક કામગીરી કરી હતી અને કાર્યક્રમના અંતે પોતાના વ્યક્તિગત સ્વાનુભવો રજૂ કર્યા હતા. શિક્ષક દિવસની ઉજવણીના આ સમગ્ર કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન શાળાના શિક્ષક વૈશાલીબેન મિસ્ત્રી તથા સેજલબેન ચંદ્રપાલે કર્યું હતું.

### કપડવંજની જડાવબા શિશુ કેન્દ્રમાં નંદ મહોત્સવની હર્ષોલ્લાસભેર ભવ્ય ઉજવણી કરાઇ



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત જડાવબા શિશુ કેન્દ્ર ખાતે શ્રીકૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે નગરપાલિકા પ્રમુખ સેજલબેન પટેલ સહિતના મહાનુભાવોની ગરિમામય ઉપસ્થિતિમાં નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે સમગ્ર શાળા સંકુલમાં ગોકુળ ગામ જેવો ભક્તિમય અને આનંદમય માહોલ છવાઈ ગયો હતો. કાનુડા અને રાધારાણીના સુંદર વેશમાં સજ્જ થયેલા નાના ભૂલકાઓએ બાળલીલાઓ, રાસ અને વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી ઉપસ્થિત સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### કપડવંજ કોલેજની પારૂલ દેવમુરારીને મનોવિજ્ઞાન સંશોધનમાં રાષ્ટ્રીય એવોર્ડ એનાયત



**કપડવંજ** | શાહ કે. એસ. આર્ટસ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજની મનોવિજ્ઞાન વિભાગની Ph.D વિદ્યાર્થીની પારૂલ દેવમુરારીએ લકુલીશ યોગ યુનિવર્સિટી, લીંબડી ખાતે આયોજિત પ્રથમ રાષ્ટ્રીય કોન્ફરન્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. આ દ્વિદિવસીય કાર્યક્રમમાં રજૂ થયેલા અન્ય ૭૮ સંશોધન પત્રો વચ્ચે તેમના રિસર્ચ પેપરને બેસ્ટ રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યું હતું, જે એમને GPA ના પ્રમુખ ડો. ચોથાણીના હસ્તે એનાયત થયો હતો. પારૂલ દેવમુરારીની આ અપ્રતિમ રાષ્ટ્રીય સિદ્ધિ બદલ તેમના માર્ગદર્શક ડો. અરવિંદગીરી અપારનાથી, એચ.ઓ.ડી. ડો. જવનિકા શેઠ અને કોલેજના પ્રિન્સિપાલ ડો. વિષ્ણુ પ્રસાદ ત્રિવેદીએ વિશેષ અભિનંદન પાઠવ્યા છે.

### કપડવંજની એસ.સી. દાણી શાળામાં નંદ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**કપડવંજ** | કપડવંજની એસ.સી. દાણી શાળામાં જન્માષ્ટમી પર્વના આગમન નિમિત્તે નંદ મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું, જેમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મની મનમોહક રજૂઆત સાથે વિદ્યાર્થીઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત કઠલાલના આસિસ્ટન્ટ તાલુકા વિકાસ અધિકારી શ્રી મયંકકુમાર પટેલે વિદ્યાર્થીઓને શ્રીકૃષ્ણના જીવનમાંથી સદાચાર, કર્તવ્યનિષ્ઠા અને સંસ્કાર આત્મસાત કરવાની સુંદર પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમના અંતમાં વિદ્યાર્થીઓના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર બનેલી મટકી ફોડનું આયોજન અત્યંત ઉત્સાહ અને જોશ સાથે કરવામાં આવ્યું હતું.

### નડિયાદના વિશ્વપ્રસિદ્ધ સંતરામ મંદિરમાં કૃષ્ણ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



**નડિયાદ** | નડિયાદ સ્થિત સંતરામ મંદિર ખાતે મહંત રામદાસજી મહારાજની પાવન નિશ્રામાં જન્માષ્ટમી પર્વની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે નમ્રતાબેન શાહ દ્વારા તૈયાર કરાયેલી નૃત્ય નાટિકામાં બાળકો દ્વારા ભગવાન શ્રી કૃષ્ણના જન્મથી લઈને કંસ વધ સુધીની કથાઓ નાટ્ય સ્વરૂપે ખૂબ જ સુંદર રીતે ભજવવામાં આવી હતી. આ પર્વ નિમિત્તે મંદિર પરિસરમાં અભ્યાસ કરતા બાળકો, સ્થાનિક યુવાનો અને ભાવિક ભક્તોની ઉપસ્થિતિ વચ્ચે ઉત્સાહભેર હાંડી ફોડ કાર્યક્રમ યોજાયો હતો. આ ઉત્સવમાં આવેલા હજારો શ્રદ્ધાળુઓએ કૃષ્ણ લીલા અને હાંડી ફોડના દર્શનનો લાભ લઈ, સમાધિ સ્થાનના દર્શન કરી તેમજ પૂજ્ય મહારાજના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

### ચરોતર ક્રોશેટ ક્વીન્સ દ્વારા ક્રોશેટથી ભગવાન જગન્નાથની કૃતિ તૈયાર કરાઇ




ચરોતર ક્રોશેટ ક્વીન્સના ડાયરેક્ટર કોમલ નિરંજનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ તેમજ સહ ડાયરેક્ટરોની પહેલથી આ કાલ ( ક્રોશેટ અલોન્ગ ) કરવામાં આવ્યું હતું જેમા જગન્નાથ ભગવાન( ક્રોશેટ હુક અને ઉનથી ) તૈયાર કરવામાં આવ્યા હતા. આ થીમ રાખવાનું સૂચન કોમલ નિરંજનભાઇ પટેલ એ આપ્યુ હતુ. ડિઝાઇન માટેનો વિડિયો પણ તેણીએ અપલોડ કર્યો હતો .આ પદ્ધતિ જોઈને સભ્યોએ ક્રોશેટથી જગન્નાથ ભગવાન બનાવ્યા. આ કાલના લીડર સાથેનું સંકલન કવિતાબેન મરડ્કર અને સોનલબેન કા.પટેલએ કર્યું. પ્રેસ નોટ કેતકી શાહએ તૈયાર કરી. ક્રોશેટથી બનાવેલ જગન્નાથ ભગવાન નાં ફોટાનું ગ્રુપ કોલાજ ભારતીબેને બનાવ્યું. આ કાલમાં કોમલ પટેલ અને સોનલબેને ભાગ લીધો હતો.

### આણંદમાં એટીએલ શાળાઓના શિક્ષકો માટે એક દિવસીય તાલીમ યોજાઇ



**આણંદ** | આણંદમાં લર્નીંગ લીંક્સ ફાઉન્ડેશન દ્વારા 18 એટીએલ શાળાઓના 29 શિક્ષકો માટે એક દિવસીય 'NXplorers' શિક્ષક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન આણંદ જિલ્લા શિક્ષણ અધિકારી કામિનીબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓ માટે પ્રયોગાત્મક શિક્ષણના મહત્વ પર ભાર મૂકીને કર્યું હતું. આ તાલીમ દરમિયાન શિક્ષકોને ખોરાક, પાણી અને ઊર્જા જેવા મુખ્ય ક્ષેત્રો પર કેન્દ્રિત કરીને NXplorers પદ્ધતિનો પ્રાયોગિક અનુભવ આપવામાં આવ્યો હતો.

### ચરોતર ક્રોશેટ કવીન્સના ફાઉન્ડર ચરોતર રત્ન એવોર્ડથી સન્માનિત



**આણંદ** | સીને મીડિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત ચરોતર રત્ન એવોર્ડ થી કોમલ નિરંજનભાઇ પટેલ ને સન્માનિત કરવામાં આવ્યા છે. ચરોતર ક્રોશેટ ક્વિન્સ ના ફાઉન્ડર અને ડિરેક્ટર કોમલ નિરંજનભાઇ પટેલ (નાર,અમદાવાદ) ને ચરોતર રત્ન એવોર્ડ ડો. જે. ડી. પટેલ, કમલાબેન પટેલ,નિમિષાબેન જાની ના હસ્તે એનાયત કરાયો હતો. તેઓ દ્વારા વિવિધ સ્કૂલ, કોલેજ મા વિનામૂલ્યે ક્રોશેટની કળા શીખવાડવા, મહિલા ઓમાં સશક્તિકરણ અને સેવાકીય કાર્ય કરવાનું પ્રેરણ પૂરું પાડવા બદલ ચરોતર રત્ન એવોર્ડ થી બહુમાન કરવામાં આવ્યું હતું. કોમલબેન દ્વારા સીને મીડિયા ફાઉન્ડેશનના ડોક્ટર કલ્પેશભાઈ પટેલ, નિમિષાબેન જાની પ્રત્યે એવોર્ડ થી સન્માનિત કરવા બદલ આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

### નડિયાદ રેડક્રોસ દ્વારા સેરેબ્રલ પાલ્સી પીડિત બાળકી પ્રીષાને ટ્રાયસિકલની મદદ કરાઇ



**નડિયાદ** | ગુજરાત રાજ્ય અને નડિયાદ રેડક્રોસ સોસાયટીના સંયુક્ત પ્રયાસોથી દિવ્યાંગ બાળકીને વિશેષ પ્રકારની ટ્રાયસિકલની વ્યવસ્થા કરી અર્પણ કરી હતી. જન્મજાત 'સેરેબ્રલ પાલ્સી' જેવી ગંભીર બીમારીથી પીડાતી નડિયાદની બાળકી પ્રીષા સચિન પ્રજાપતિ આ વિશેષ સાયકલ ભેટ મળતાં જ ચહેરા પર અનેરી ખુશી છવાઈ ગઈ હતી અને તેના સમગ્ર પરિવારે રેડક્રોસ સંસ્થાની આ માનવતાવાદી મદદ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### નડિયાદ મનપા દ્વારા વન મહોત્સવની ઉજવણી નિમિત્તે યોગી ફાર્મ ખાતે ૨૦૦ રોપાનું વાવેતર કરાયું



**નડિયાદ** | નડિયાદના યોગી ફાર્મ બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે ખેડા સાંસદ દેવુસિંહ ચૌહાણ અને મેયર મનીષ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ૭૭મા વન મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં ૨૦૦ જેટલા રોપાનું રોપણ કરવામાં આવ્યું હતું. આ વૃક્ષારોપણ ઝુંબેશને વેગ આપવા માટે વિવિધ ગામડાઓમાં રોપા વાવેતરની કામગીરી કરનારા વિશેષ 'વૃક્ષરથ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત પર્યાવરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વન કર્મચારીઓ તથા વોલેન્ટિયર્સનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

### સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગમાં કૃષ્ણજન્મોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક સંસ્કૃત વિભાગ દ્વારા કાર્યકારી અધ્યક્ષ પ્રોફે. મહેન્દ્ર નાયીના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત સપ્તાહોત્સવ સમાપનસત્ર તથા કૃષ્ણ જન્મોત્સવનો ભવ્ય સંયુક્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ અને આણંદ જિલ્લાના ડીઇઓ કામિનીબેન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવી તેને ભારતીય જ્ઞાનપરંપરા અને વૈચારિક વારસાની સમૃદ્ધ વાહક ગણાવી હતી. આ ઉત્સવ અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા સુંદર સ્તોત્રગાન, ભજન અને કૃષ્ણમહાત્મ્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જે બાદ આરતી અને અન્નકૂટ ધરાવી કાર્યક્રમ સંપન્ન થયો હતો.